સાંજ સમાચાર - રાજકોટ તા.૫-૧-૯૯

# હૃદયના ભાવો અને મનની કલ્પનાઓને સાકાર કરતું 'ક્લો આર્ટ'ની કલાકૃતિઓ

## 'ટેરાકોટામાં આફ્રિકન, રોમન અને ભારતીય કલાનો સમન્વય





ગુજરાતના નારી રત્ન સમાન કલ્પનાબેન અમીને જેઓ સામાન્ય પેઈન્ટીંગને ભારતીય સંસ્કૃતિની કૃતિઓમાં ઢાળી તૈયાર કરેલ મૂર્તિઓ દ્વારા ગુજરાતમાં જ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સની મહિલા પાંખ દ્વારા કેન્દ્રીય મંત્રી એ.કે. પટેલના હસ્તે એકસીલન્સ ઈન બીઝનેશનો એવોર્ડ મેળવીને ગુજરાતનું ગૌરવ વધારેલ છે.

મૂળ આફ્રિકાના કલ્પનાબેન અમીને આફ્રિકામાં અભ્યાસ બાદ નાનપણથી એક માત્ર પેઈન્ટીંગનો શોખ હોવાથી કેમ્બ્રિજમાં ઓ લેવલ, તથા લેન્ડ સ્કેપ, પીક્ચર કમ્પોમીશનનો વિવિધ કોર્ષ કરી ભારત આવ્યા અને શરદભાઈ અમીન સાથે લગ્ન ગ્રંથીથી જોડાયાં છેલ્લા પંદર વર્ષથી વલ્લભ વિદ્યાનગરમાં કલે આર્ટ ગેલેરી ધરાવતા કલ્પનાબેને પોતાની મહત્વકાંક્ષાને મૂર્તિમંત સ્વરૂપ આપેલ છે.

સ્ત્રી ધારે તો શું ન કરી શકે? તે વાતને સાર્થક કરી બતાવેલ છે પોતાના પતિ તથા બે પુત્રીઓના સહયોગથી આજે એવોર્ડ મેળવીને પોતે ધન્યતા અનુભવે છે નાનપણથી જ આર્ટની દુનિયામાં નામ કરવું એવી તમન્ના હતી તેમજ પોતાની કેરીયર કરવાની ધગશથી આજે ભારતમાં અલગ અલગ જગ્યાએ ૩૦ થી એ વધુ પ્રદર્શનો યોજી રાજકોટના આંગણે આવતીકાલથી ખુલ્લુ મુકનાર છે.

જે મહિલા તથા પુરૂષને પેઈન્ટીંગનો શોખ હોય અથવા થોડી ઘણી આવડત હોય તેવા જરૂરિયાત વાળાને પોતાને ત્યાં કામ આપી આજીવિકા અપાવવાનું પણ કાર્ય કરે છે. હાલમાં ૧૫ મહિલા તથા ૮ પુરૂષો કારીગરોનો સ્ટાફ ધરાવતા કલ્પનાબેન માટીને ભઠીમાં ૮૦૦ થી ૧૦૦૦ ડીગ્રીએ હીટ આપી ઓકસાઈડ કલર, સિરામીકસ કલર, તથા વિવિધ આકાર આપી મૂર્તિઓ તૈયાર કરે છે. સૌ પ્રથમ ઘરના ગાર્ડનમાં જ પ્રદર્શન કરેલું ત્યારબાદ તેમના કૃતિઓને ખૂબ જ પ્રશંસા મળતા દુનિયાના અલગ અલગ દેશોમાં ભારતની આફ્રિકાની તેમજ મેકિસકન, સંસ્કૃતિને મૂર્તિઓમાં કંડારી પહોંચાડવા માટે પ્રદર્શનો યોજવા લાગ્યા. જેમાં તેમને ખૂબજ સફળતા મળી. અત્યાર સુધી યુ.એસ.એ. આફ્રિકા, તથા ભારતના અલગ અલગ દેશોમાં પ્રદર્શન યોજી નામના મેળવી છે.

આ ઉપરાંત તેઓ હોટેલ, રિસોર્ટ, બુટીકસ, શો રૂમ તથા ઓફિસોને સુશોભિત કરવાનું પણ કાર્ય કરે છે. તેઓની કૃતિઓને ઝાખી કરાવતું પ્રદર્શન આવતીકાલથી નુતનગર હોલ કાલાવડ રોડ ખાતે સવારના ૧૦ થી રાત્રીના ૮ કલાક સુધી તા.૬/૧/૯૮ થી ૧૧/૧/૯૮ સુધી ખુલ્લુ મુકવામાં આવશે. જેનું ઉદ્દઘાટન રાજકોટ પોલીસ કમિશ્નર શ્રી સુધીરકુમારસિંહાના હસ્તે કરવામાં આવશે. રાજકોટ ખાતે તેમને સહયોગ આપવા માટે રાજુભાઈ કિકાણી તથા હેમાબેન શારડાએ ખૂબ જ જહેમત ઉઠાવેલ છે.